# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૪ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ – સમાધિતંત્ર : ગાથા ૪૪ થી ૫૫**

---

પરીક્ષાર્થીનું નામ : ............................................................... ઉંમર : .....................

મંડળનું નામ : ................................................ ગામનું નામ : .....................

ફોન નં.: .................................................... તા. ૧-૦૪-૨૦૧૯

**સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**
**(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર શાસ્ત્ર પર આધારિત આપવાના રહેશે.**

---

**પ્રશ્ન-૧ : નીચેના પ્રશ્નના કૌંસમાં બે વિકલ્પ આપેલ છે. તેમાંથી સાચા જવાબ ઉપર ✓ કરો. (કોઈપણ પાંચ)** **૧૦**

(૧) અંતરાત્માને અસ્થિરતાપૂર્વક જે રાગ-દ્વેષ પરિણામ થાય છે તે ક્યા પ્રકારનો દોષ છે ? (ચારિત્ર, શ્રદ્ધા)

(૨) આત્મસ્વરૂપનાં પરિપક્વ અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષયો કેવા લાગે છે ? (દુઃખરૂપ, સુખરૂપ)

(૩) જ્ઞાની ધર્માત્મા ચિરકાળ સુધી પોતાના ઉપયોગને શેમાં રોકવાની ભાવના કરે છે ? (વ્યવહાર કાર્ય, આત્મકાર્ય)

(૪) રાગાદિની અનુત્પત્તિ તે શું છે ? (ભેદજ્ઞાન, ત્યાગ)

(૫) બાહ્ય પદાર્થોનો ગ્રહણ-ત્યાગ થઈ શકતો ન હોવા છતાં તેનો ગ્રહણ–ત્યાગ માનવો તે શું છે ? (મૂઢતા, જ્ઞાન)

(૬) અનાસક્ત આત્મા પોતાનું સ્વરૂપ શેને માને છે ? (બાહ્ય પદાર્થ, જ્ઞાનજ્યોતિ)

(૭) સ્ત્રી, પુત્ર આદિ પદાર્થ વિશ્વાસ યોગ્ય, રમ્ય અને સુખદાયક કોને લાગે છે ? (અજ્ઞાની, જ્ઞાની)

**પ્રશ્ન-૨ : નીચેનાં પ્રશ્નોનાં ''હા'' અથવા ''ના''માં જવાબ આપો.** **૧૦**

(૧) અજ્ઞાની બહિરાત્માને અનાદિના શરીર પ્રત્યેના સંસ્કાર હોવાથી ઈન્દ્રિય વિષયોમાં રમે છે. .......

(૨) સાધક સવિકલ્પ દશામાં જે આહાર, ઉપદેશ આદિના કાર્યોમાં જોડાય છે તે સમયે જ્ઞાનસ્વભાવને ભૂલીને તન્મયપણે જોડાય છે. .......

(૩) જ્ઞાન સ્વભાવરૂપ જ્યોતિ ક્રોધ કષાયાદિ અંધકારનો નાશ કરનાર છે. .......

(૪) ઈન્દ્રિય વિષયો સુખરૂપ ન હોવા છતાં અજ્ઞાની તેમાં રત રહે છે તેનું કારણ અનાદિ શરીર સાથેનો સંબંધ છે. .......

(૫) જ્ઞાની કે અજ્ઞાની કોઈને બાહ્ય પદાર્થોનો ગ્રહણ-ત્યાગ તેને આધીન નથી. ......

**પ્રશ્ન-૩ : નીચે આપેલ પ્રશ્નોના બે થી ત્રણ લીટીમાં ઉત્તર આપો.** **૧૦**

(૧) બહિરાત્મા શેમાં આત્મબુદ્ધિ કરે છે ?

(૨) સમસ્ત પરદ્રવ્યોનો અને પરભાવોનો સ્વયં ત્યાગ કઈ રીતે થાય છે ?

(૩) જ્ઞાની વાણી, કાયની ક્રિયા તરફથી પોતાના ઉપયોગને હટાવી શેમાં રોકે છે ?

(૪) જ્ઞાની અંતરાત્માને કોના વચ્ચે યથાર્થ ભેદજ્ઞાન હોય છે ?

(૫) અંતરાત્મા બાહ્ય પદાર્થોથી ઉદાસીન થઈ મધ્યસ્થ ભાવ ધારણ કરવાની ભાવના શા માટે ભાવે છે ?

**પ્રશ્ન-૪ : નીચેના પ્રશ્નોનાં જવાબ ''અ'' અક્ષરથી શરૂ થાય છે, તેના સાચા જવાબ આપો.** **૧૦**

(૧) શરીર, વાણી આદિ પરદ્રવ્યોને દેહથી ભિન્ન કોણ જાણે છે ? ...............

(૨) ભાવ ઈન્દ્રિયોને નિયંત્રિત કરી શું થવાથી જ્ઞાન સ્વરૂપ આત્માને જોઈ શકાય છે ? ...............

(૩) સમ્યગ્દૃષ્ટિ વિષય ભોગ પ્રત્યે તથા સંસારના કાર્યોમાં જોડાય તો પણ ક્યા ભાવથી જોડાય છે ? ...............

(૪) બાહ્ય પદાર્થનો ગ્રહણ-ત્યાગ ન થતો હોવા છતાં ગ્રહણ-ત્યાગની માન્યતા કોને હોય છે ? ...............

(૫) આત્મપ્રાપ્તિની ભાવના કરવાથી ઈન્દ્રિય વિષયસુખની ઈચ્છા નષ્ટ થતાં જીવને શું પ્રાપ્ત થાય છે ? ...............

**પ્રશ્ન-૫ : નીચેના ત્રણ પૈકી કોઈ એક વિષય ઉપર આશરે ૨૦ લીટીમાં નિબંધ લખો** **૧૦**

(૧) ઈન્દ્રિય વિષયો સુખરૂપ જણાતા હોવા છતાં દુઃખરૂપ શા માટે કહેવામાં આવેલ છે તેના કારણો જણાવો.

(૨) અંતરાત્મા અસ્થિરતાજનિત રાગ-દ્વેષનો ત્યાગ કઈ રીતે કરે છે તે જણાવો.

(૩) આત્મસ્વરૂપની ભાવના કઈ રીતે કરવી અને તેનું ફળ શું છે તે દર્શાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૨૦-૫-૨૦૧૯ સુધી સોનગઢ પહોંચાડવા વિનંતી છે.




તા. ૨-૫-૨૦૧૯, ગુરુવારથી તા. ૯-૫-૨૦૧૯, સોમવાર

સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.